સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણોના આધારે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના પગાર ધોરણની સુધારણા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

**ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ**

સચિવાલય, ગાંધીનગર.

**તા. ૧૫/૧૧/૨૦૧૮**

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૬/૦૮/૨૦૧૭નો ઠરાક ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ

(૨) નાણા વિભાગનો તા.૧૩/૦૩/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૫-૧૮-પગાર એકમ

**પ્રસ્તાવના :-**

રાજયની અનુદાનિત બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમાં કેન્દ્રીય પગારપંચની ભલામણો પ્રમાણે સુધારેલ પગાર ધોરણનો લાભ વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના તા.૧૬/૦૮/૨૦૧૭ના ઠરાવથી આપવામાં આવેલ છે. આ બાબતની મંજૂરી સમયેની નાણા વિભાગની શરતો ધ્યાને લઇ આ ઠરાવની શરત નં (૫) માં તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ સુધીના સમયગાળાના પગાર તફાવતની રકમ પાંચ સરખા વાર્ષિક હપ્તામાં, રાજ્ય સરકાર દ્વારા તફાવતની રકમ ચુકવવા અંગે જે નિર્ણય લેવામાં આવે તે અનુસાર ચુકવવામાં આવશે તેવો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

નાણા વિભાગ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૨)ના તા.૧૩/૦૩/૨૦૧૮ના ઠરાવથી રાજ્ય સરકારના અને પંચાયતના કર્મચારીઓને સાતમાં પગાર પંચના તફાવતની રકમ ચૂકવવાનો નિર્ણય લેવામાં આવેલ હોવાથી રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ ના સમયગાળાના પગાર તફાવતની રકમ ચૂકવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના તા.૧૬/૦૮/૨૦૧૭ના ઠરાવની શરત નં (૫) માં દર્શાવ્યા મુજબ રાજ્યની અનુદાનિત બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ના સમયગાળાના પગાર તફાવતની રકમના પાંચ સરખા વાર્ષિક હપ્તામાં ચૂકવણી કરવાનું કરવાનું આથી ઠરાવવામાં આવે છે. તેમજ આ પાંચ સરખા વાર્ષિક હપ્તા પૈકી પ્રથમ વાર્ષિક હપ્તાની ચૂકવણીનો નિર્ણય થયેલ છે. આથી, આ પ્રથમ હપ્તાની ચૂકવણી (તફાવતની કૂલ રકમના ૨૦ ટકા) નવેમ્બર-૨૦૧૮ માસના પગાર સાથે ચૂકવવાની મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૦૪/૧૧/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એમ.મિસણ)
અધિક સચિવ

પ્રતિ,